# ૧૩ પૃષ્ઠફળ અને ઘનફળ

## ❖ નીચેના પ્રશ્નોનાં જવાબ આપો. ( ૩ ગુણનો એક પ્રશ્ન પુછાશે )

**1.** એક ભમરડો શંકુ ઉપર અર્ધગોળા જેવા ભાગથી બનેલો છે. જો તેની કુલ ઊંચાઈ 5 cm અને અર્ધગોળનો વ્યાસ 3.5 cm છે તો તેનું કુલ પૃષ્ઠફળ શોધો. ($\Pi = \frac{22}{7}$)

**2.** એક અર્ધગોળક ઉપર એક પોલા નળાકાર બેસાડેલો હોય તેવું એકપાત્ર છે. અર્ધગોળકનો વ્યાસ 14 cm અને વાસણની કુલ ઊંચાઈ 13 cm હોય તો અંદરની સપાટીનું પૃષ્ઠફળ શોધો.

**3.** 6 cm, 8cm અને 10 cm ત્રિજ્યાવાળા ધાતુના ગોળાને ઓગળીને એક મોટો નક્કર ગોળો બનાવવામાં આવે છે તો આ રીતે બનતા ગોળની ત્રિજ્યા શોધો.

**4.** એક નળાકાર પ્યાલાનો અંદરનો વ્યાસ 5 cm છે પરંતુ પ્યાલાના પાયામાં અર્ધગોલક ભાગ ઉપસી આવેલો હતો જેથી પ્યાલાની ક્ષમતા ઘટી ગઈ હતી જો પ્યાલાની ઊંચાઈ 10 cm હોય તો તેની આભાસી અને વાસ્તવિક ક્ષમતા શોધો.( $\pi = 3.14$)

**5.** એક શંકુની ઊંચાઈ 24 cm અને તેના પાયાની ત્રિજ્યા 6 cm હોય એવા શંકુને પીગળીને ગોળો બનાવવામાં આવે તો તે ગોળાની ત્રિજ્યા શોધો.

**6.** 1 cm વ્યાસ અને 8 cm લંબાઈવાળા તાંબાના સળિયામાથી 18 m લંબાઇનો એક સરખી જાડાઈવાળો તાર બનાવવામાં આવે તો તે તારની જાડાઈ શોધો.

**7.** પાણીથી પૂર્ણ ભરેલી એક અર્ધગોળાકાર ટાંકી છે. તેને પાઈપ દ્વારા $3\frac{4}{7}$ લિટર સેકન્ડના દરથી ખાલી કરવામાં આવે છે જો ટાંકીનો વ્યાસ 3m હોય તો તેને પૂરી ખાલી કરવામાં કેટલો સમય જોઈએ. ($\Pi = \frac{22}{7}$)

**8.** એક ગુલાબ જાંબુનો આકાર નળાકારની બંને બાજુએ અર્ધગોલક લગાડેલો હોય તે રીતનો છે. ગુલાબ જાંબુની કુલ લંબાઈ 5 cm અને વ્યાસ 2.8 cm છે તો તે ગુલાબજાંબુનું પૃષ્ઠફળ શોધો.

**9.** એક ઘન પદાર્થએ 1 cm ત્રિજ્યા ધરાવતા અર્ધગોળક ઉપર તેટલી જ ત્રિજ્યાવાળો શંકુ ગોઠવીને બનાવ્યો છે શંકુની ઊંચાઈ એ તેની ત્રિજ્યા જેટલી હોય તો આ ઘન પદાર્થનું ઘનફળ $\Pi$(પાઈ)ના ગુણકમાં શોધો.

**10.** એક 5.5cm X 10cm X 3.5cmના માપનો લંબઘન બનાવવા 1.75 cm વ્યાસ અને 2 mm જાડાઈવાળા ચાંદીના કેટલા સિક્કા ઓગળવા પડે.